| | |
|---|---|
| **Date:** 15.2.2021 | **Publication:** Divya Bhaskar |
| **Page no.:** 8 \| 9 | **Edition:** Mumbai \| Ahmedabad |
| **Headline:** How to file a claim under home insurance policy | |

## ઈન્સ્યોરન્સ ક્લેમ ગાઈડ | યોગ્ય પદ્ધતિસર કરેલો હોમ ઈન્સ્યોરન્સ ક્લેમ 10 દિવસમાં મળશે




**ટીએ રામલિંગમ**
ચીફ ટેક્નિકલ ઓફિસર, બજાજ આલિયાન્સ જનરલ ઈન્સ્યોરન્સ


*હોમ ઈન્સ્યોરન્સ કુદરતી આપત્તિ અને ચોરી જેવા કારણોને લીધે ઘરના ઢાંચા અને સામાનમાં થયેલા નુકસાન કવર કરે છે. આજે, હાઉસહોલ્ડર્સ પોલિસ, ઓલ રિસ્ક હોમ ઈન્સ્યોરન્સ પોલિસી જેવા અનેક પ્રકારના હોમ ઈન્સ્યોરન્સ ઉપલબ્ધ છે. ક્લેમ કરવા માટે, યોગ્ય રીત જણાવી રહ્યા છે. નિષ્ણાત*

**1** મોટાભાગની વીમા કંપનીઓએ ક્લેમ પાસ કરવાની પ્રક્રિયાને ડિજિટાઈઝ કરી છે, તેથી હંમેશાં પોલિસી દસ્તાવેજની સોફ્ટ કોપી તમારી પાસે રાખો. વીમા કંપનીને પહેલા નુકસાનની જાણ કરવી આવશ્યક છે. વીમા કંપની સાથે તપાસ કરો કે શું તેઓ ક્ષતિગ્રસ્ત માલ માટે કેશલેસ સમારકામ સેવા આપી શકે છે.

**2** ક્લેમના ફોર્મ યોગ્ય રીતે ભરો. જો તમારી વીમા કંપની પાસે ડિજિટલ પ્લેટફોર્મ છે, તો ક્લેમની સૂચનાઓથી લઈને જરૂરી દસ્તાવેજો સુધી, દરેક વસ્તુ ડિજિટલી અપલોડ કરી શકાય છે. જો ચોરી, ઘરફોડનો કેસ હોય તો તે ઘટના અંગેનું નિવેદન, એફઆઈઆરની નકલ અને એફઆઈઆર પણ અપલોડ કરો.

**3** જો નુકસાન 1 લાખ રૂપિયાથી વધુ છે, તો વીમા કંપની નુકસાનને ચકાસવા અને મૂલ્યાંકન કરવા માટે સ્વતંત્ર સર્વેયર મોકલી શકે છે. તેને તમામ નુકસાન જણાવો અને ખોવાયેલી/ક્ષતિગ્રસ્ત ચીજો અને બિલ વગેરેની યાદી આપો. જ્યારે તમે સર્વેયરને બધી જરૂરી માહિતી આપો છો, ત્યારે તે વીમા કંપનીને અંતિમ અહેવાલ મોકલશે.

**4** 1 લાખ રૂપિયા સુધીના નાના ક્લેમની પતાવટ કરવામાં સામાન્ય રીતે 5-7 દિવસનો સમય લાગે છે. તેનાથી વધુના ક્લેમ મળવામાં 10 દિવસનો સમય લાગે છે. પોલિસીધારકની પણ જવાબદારી છે કે નુકસાન ઘટાડવા જરૂરી પગલાં લે. ઉદાહરણ તરીકે, જ્યારે પૂરનું પાણી ઘરમાં પ્રવેશ કરે છે, ત્યારે શક્ય તેટલા કિંમતી સામાનને પાણીથી બચાવવા પ્રયાસ કરો.